પ્રધાનમંત્રીની ગ્રામ સચિવાલય સંકલ્પના સાકાર કરવા તરફ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં નેતૃત્વમાં રાજ્ય સરકારનું આગવુ કદમ

ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામીણ નાગરીકોને ઘરે બેઠા વધુને વધુ સેવાઓ આપવા ગવર્મેન્ટ : ટુ સિટીઝન G2C અને બિઝનેસ ટુ સિટીઝન B2C સેવાઓનો વ્યાપ વિસ્તારવા રાજ્ય સરકારનું આયોજન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને ઈ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટીની ગવર્નિંગ બોડીની ૧૧મી બેઠક ગાંધીનગરમાં યોજાઈ

ઈ-ગ્રામ મરફતે ૨૦૦૭થી અત્યાર સુધી ૪૩.૩૨ કરોડ ડિજીટલ વ્યવહારો થયા

ગાંધીનગર : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ગ્રામ્ય વિસ્તારોમાં ગ્રામીણ નાગરિકોને ઘેર બેઠાં વધુ ને વધુ સેવાઓ પૂરી પાડવા ઈ-ગ્રામ સેન્ટારના માધ્યમથી G2C અને B2C સેવાઓનો વ્યાપ વધારવાના આયોજન માટે દિશા નિર્દેશો આપ્યા છે.

આ સંદર્ભમાં તેમણે વી.સી.ઈ નો બેન્કીંગ કોરસપોન્ડાન્ટ તરીકે ઉપયોગ કરવા વ્યાપ વધારવા સૂચન કર્યું છે.

મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને ગાંધીનગરમાં યોજાયેલી ઈ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટીની ગવર્નિંગ બોડીની ૧૧મી બેઠકમાં તેમણે આ નિર્દેશો આપ્યા હતા.

પંચાયત રાજ્યમંત્રી બચુભાઈ ખાબડની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં ઈ-ગ્રામ વિશ્વગ્રામ પ્રોજેક્ટને વધુ સુદઢ બનાવવાની ચર્ચા વિચારણા સાથે પ્રોજેક્ટની બહુવિધ કામગીરીની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગ્રામીણ સ્તરે નાગરિકોને સુવિધા-સેવાઓ અસરકારક રીતે પૂરી પાડવા ગ્રામ સચિવાલયની સંકલ્પના આપેલી છે.

આ સંકલ્પનાને સાકાર કરવાના હેતુસર ઈ-ગ્રામ વિશ્વગ્રામ સોસાયટીની ૨૦૦૭ થી ગુજરાતમાં સ્થાપના કરવામાં આવેલી છે. ગ્રામીણ વિકાસમાં ઈ-સર્વિસીઝ ડિલીવરી સેન્ટરર તરીકે ગ્રામ પંચાયતની ઓળખ ઉભી કરીને ગામના યુવાઓને ગામમાં જ રોજગારીની તકો મળી રહે તેવો તેનો આશય છે.

રાજ્યભરની ૧૪૧૮૧ જેટલી ઈ-ગ્રામ પંચાયતો દ્વારા G2C એટલે કે સરકારથી નાગરિક સેવાઓ અંતર્ગત ૩૨૧ થી વધુ સેવાઓ ઈ-ગ્રામ વિશ્વગ્રામ પ્રોજેક્ટ મારફતે પૂરી પાડવામાં આવે છે.

ડિઝીટલ સર્વિસીઝનો લાભ ગ્રામીણ સ્તર સુધી પહોંચાડવા ૨૦૧૯થી ડિજીટલ ગુજરાત અન્વીયે ડિજીટલ સેવાસેતુનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અંતર્ગત જુદા જુદા વિભાગોને સેવાઓના ૧ કરોડ ૭ લાખથી વધુ પ્રમાણપત્રો આપવામાં આવેલા છે.

એટલું જ નહી અન્ય સેવાઓના મહેસૂલી, ખેડૂતલક્ષી સેવાઓમાં ૭/૧૨ના ઉતારા, 8 A પ્રમાણપત્ર, વીજબીલ રસીદ સેવાઓ, પ્રીપેઈડ ગેસ બીલ રસીદ, જન્મ-મૃત્યુ પ્રમાણપત્ર, આવકના દાખલા, ગંગા સ્વરૂપા વિધવા પેન્શતન યોજના, વ્હાલી દિકરી યોજના જેવી સેવાઓ મળીને સમગ્રતયા ૪૨ કરોડથી વધુ ડિજીટલ વ્યવહરો ઈ-ગ્રામ મારફતે થયા છે.

આવી સેવાઓ ઈ-ગ્રામ કેન્દ્રો પરથી પૂરી પાડવા માટે VCEને નિયત રકમ પ્રોત્સાહન પુરસ્કાર રૂપે આપીને વધુ ને વધુ ડિજીટલ ટ્રાન્ઝેકશનને પ્રેરિત કરવાની પણ રાજ્ય સરકારે નેમ રાખી છે.

આ બેઠકમાં એમ પણ જણાવવામાં આવ્યું હતું કે, કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓમાં પણ ઈ-ગ્રામ વિશ્વગ્રામ પ્રોજેક્ટ સહાયરૂપ બન્યો છે.

ઇ ગ્રામ સેન્ટર દ્વારા અંદાજે ૪૬ લાખ ઈ-શ્રમ કાર્ડ ઈશ્યુ કરવામાં આવ્યા છે તેમજ ૨૯ લાખથી વધુ કિસાનોએ પી.એમ કિસાન પોર્ટલનો વિવિધ અરજીઓ માટે લાભ મેળવ્યો છે.

આ ઉપરાંત ગ્રામજનોને ઈ-ગ્રામ સેન્ટર દ્વારા આયુષ્માન કાર્ડ પણ આપવામાં આવે છે. ૪૨૦૦થી વધુ ઈ-ગ્રામ સેન્ટર PMJAY અન્વયે આયુષ્માન કાર્ડ પ્રદાન કામગીરી સાથે સંકળાયેલા છે તેમજ ૩૫૦૦ ઈ-ગ્રામ સેન્ટર ફાઇનાન્સિયલ કોરસપોન્ડન્ટ તરીકે કામગીરી કરે છે. 566 C ગ્રામ કેન્દ્રો આધારકાર્ડની સેવા આપે છે.

ગ્રામ સુવિધા ટેક્ષ કલેક્શન પોર્ટલ ૨૦૨૦-૨૧ થી શરૂ કરવામાં આવ્યું છે અને ઘર વેરો, પાણી વેરો, લાઈટ તથા સફાઈ વેરા જેવા વિવિધ પ્રકારના કર ગ્રામ્યસ્તરે એકત્રિત કરવા ૧૪ હજારથી વધુ ગ્રામ પંચાયતો આ એપ્લિકેશનનો ઉપયોગ કરી રહી છે. ગ્રામજનો પોતાનો વેરો ઓનલાઈન ભરી શકે તે માટેની વ્યવસ્થા પણ પ્રગતિમાં છે તેમ બેઠકમાં જણાવવામાં આવ્યું હતું. આ બેઠકમાં મુખ્ય સચિવ રાજકુમાર તેમજ મહેસુલ, કૃષિ, આરોગ્યના અધિક મુખ્યસચિવો અને મુખ્યમંત્રીના અધિક મુખ્યસચિવ તેમજ ગ્રામવિકાસ અગ્રસચિવ સહિત સંબંધિત વિભાગોના સચિવો પણ સહભાગી થયા હતા.

૩૨૧થી વધુ નાગરિક સેવાઓ G2C અન્વઘયે ઈ-ગ્રામ કેન્દ્રોવ પૂરી પાડે છે

બિઝનેસ ટુ સર્વિસ B2C પોર્ટલ દ્વારા અત્યાર સુધીમાં ૨૭.૭૫ લાખ ટ્રાન્જેક્શન થયા

ઉત્તર ભારતમાં શિવભક્તિના પવિત્ર શ્રાવણ મહિનાનો પ્રારંભ થઈ ગયો છે. શિવાલયોમાં જળાભિષેક માટે ગંગાજળ લઈને જતા મોટી સંખ્યામાં કાવડિયાઓ માર્ગો પર પસાર થતા ઠેર ઠેર જોવા મળે છે. ઉત્તર પ્રદેશના શહેર મેરઠમાં કાવડિયાઓનો સમુહ ગંગાજળ લઈને શહેરના એક માર્ગ પર પસાર થઈ રહેલો દશ્યમાન થાય છે.

રાજકોટ જિલ્લાની ૫૫૦ મહેસુલી ફાઈલો પેન્ડીંગ; ફટાફટ નિકાલ કરવા આદેશ

કલેકટર જોશી દ્વારા ક્ષતિ રહિત ૫૦ ફાઈલોનો કરાયો નિકાલઃ યેલો ચેનલની NA, પ્રિમીયમ બીનખેતી જમીન ફાળવણી સહિતની ફાઈલોમાં પણ ઝડપી નિર્ણયઃ અપીલના ૨૦ કેસોના ચુકાદા

રાજકોટ તા.૧૩

રાજકોટ જિલ્લાની ૫૫૦ જેટલી મહેસુલી ફાઈલો પેન્ડીંગ હોય આ ફાઈલોનો ફટાફટ નિકાલ કરવા માટે રાજયના મહેસુલ વિભાગ દ્વારા જિલ્લા કલેકટર તંત્રને આદેશ કરવામાં આવેલ છે. જેના પગલા જિલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા ઝડપી નિર્ણયો લઈ ફાઈલ નિકાલની કામગીરીને વેગ આપવામાં આવેલ છે.

આ અંગેની વિગતો આપતા જિલ્લા કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે આયોરા હેઠળની ૫૫૦ જેટલી મહેસુલી ફાઈલો પેન્ડીંગ છે જેમાં ક્ષતિ રહિત ગ્રીન ચેનલની ફાઈલોનો નિકાલ કરવા માટે મહેસુલ વિભાગ દ્વારા તા.૭ સુધીની ડેડલાઈન આપવામાં આવેલ હતી. ગ્રીન ચેનલની તમામ ૫૦ ફાઈલોનો નિકાલ કરી દેવામાં આવેલ છે.

જયારે તેને પ્રિમીયમ નવી જુની શરતની જમીન બીનખેતી જમીન ફાળવણી સહિતની ફાઈલોમાં ઝડપી નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. યેલો ચેનલની ફાઈલોનો નિકાલ માટે તા.૧૭ સુધીની ડેડલાઈન મહેસુલ વિભાગ દ્વારા આપવામાં આવી હોય ઝડપી નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. કલેકટર જોશીએ એમ પણ જણાવ્યું

હતું કે મહેસુલ વિભાગ દ્વારા મહેસુલી ફાઈલોના નિકાલ માટે ૯૦ દિવસની સમય મર્યાદા નિયત કરવામાં આવેલ છે. આ ઉપરાંત અપીલના ૨૦ કેસોના ચુકાદા પણ તેઓ દ્વારા અત્યાર સુધીમાં આપવામાં આવેલ છે.

દિલ્હી નજીક ગુરુગ્રામમાં એનએફટી (નેશનલ ઇલેક્ટ્રોનિક ફૂડ ટ્રાન્સફર) અને એઆઈ (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ) ના સંદર્ભમાં જી-૨૦ની ક્રાઈમ અને સિક્યુરિટી વિષય પર યોજાયેલી બેઠકના ઉદઘાટનમાં કેન્દ્રિયગૃહમંત્રી અમિત શાહ રાજ્યકક્ષાના મંત્રી અજયકુમાર મિશ્રા ઉપસ્થિત નજરે પડે છે.

બ્રીજ પર રીક્ષા ચાલકની જોખમી સવારી

સુરતમાં રીક્ષા ચાલકની જોખમી સવારીનો વિડીયો વાયરલ થયો

સુરતનો વરાછા બ્રીજ સૌથી લાંબો બ્રીજ માનવામાં આવે છે આ બ્રીજ પર એક રીક્ષા ચાલકે રોંગ સાઈડમાં રીક્ષા ચલાવી

સુરત, તા.૧૩

સુરતમાં રીક્ષા ચાલકની જોખમી સવારીનો વિડીયો વાયરલ થયો છે. વરાછા બ્રીજ પર એક રીક્ષા ચાલકે રોંગ સાઈડમાં રીક્ષા ચલાવી હતી. રીક્ષામાં મુસાફરો પણ સવાર હોવાનું દેખાઈ રહ્યું છે. સુરત શહેરમાં એક રીક્ષા ચાલકની જોખમી મુસાફરીનો વિડીયો વાયરલ થયો છે. સુરતનો વરાછા બ્રીજ સૌથી લાંબો બ્રીજ માનવામાં આવે છે આ બ્રીજ પર એક રીક્ષા ચાલકે રોંગ સાઈડમાં રીક્ષા ચલાવી હતી.જેમાં રીક્ષામાં મુસાફરો પણ સવાર હોવાનું દેખાઈ રહ્યું છે. રીક્ષા ચાલકની આ જોખમી સવારીએ લોકોના જીવ જોખમમાં મૂકી દીધા હતા. ત્યાંથી પસાર થતા અન્ય વાહન ચાલકોએ રીક્ષા ચાલકની આ જોખમી સવારીનો વિડીયો મોબાઈલમાં કંડારી લીધો હતો જે હાલ વાયરલ થયો છે.

મહત્વનું છે કે સુરત શહેરને બ્રીજ સીટી તરીકે પણ ઓળખવામાં આવે છે. અને સુરતનો વરાછાનો બ્રીજ સૌથી લાંબો બ્રીજ માનવામાં આવે છે. આ બ્રીજ પર સતત વાહનોને અવર જવર રહેતી હોય છે. ત્યારે રીક્ષા ચાલકે આ પ્રકારે રોંગ સાઈડમાં રીક્ષા ચલાવીને વહન ચાલકોના શ્વાસ અદ્ધર કરી દીધા હતા. અનિચ્છનીય ઘટના બને તો જવાબદાર કોણ તે પણ એક મોટો સવાલ અહી ઉપસ્થિત થઈ રહ્યો છે.

જાહેર નોટીસ

આથી અમો એડવોકેટ જતીન આર. વોરા તે અમારા અસીલ હપાણી અભિષેક ઘનશ્યામભાઈ ની સુચનાથી આ નોટીસ આપીને જાહેર જનતાને જાણ કરીએ છીએ કે અમોએ શ્રી ગજાનંદ ફાઈનાન્સીયલ સર્વીસમાં પટેલ વિપુલભાઈ લલીતભાઈ સાથે સંયુકત ભાગીદારી પેઢી શરુ કરેલ ત્યારબાદ ઘણા સમયથી અમારે પટેલ વિપુલભાઈ લલીતભાઈ સાથે સંપર્ક થયેલ નથી આથી તેમની સાથે અમારા કે અમારા ફર્મ ના નામથી કોઈએ કોઈપણ જાતનો વ્યવહાર કરવો કે કરાવવો નહી અને કરશો તો તેઅંગેની સંપુર્ણ જવાબદારી વ્યવહાર કરનાર જેતે વ્યક્તિની રહેશે અને તેની કોઈપણ જાતની કાયદેસરની જવાબદારી અમારા અસીલની વર્તમાનમાં કે ભવિષ્યમાં રહેશે નહી.

મારી મારફતે,
જતીન આર. વોરા અને
નિલેષ યુ. પટેલ (એડવોકેટ)
ઓફિસ નં. ૧૨/૨ અક્ષરધામ
સોસાયટી, જગદીશ પાર્ક સરદાર પટેલ
સ્કુલ સામે, ખોડિયારનગર,
અમદાવાદ-૩૮૨૩૫૦,
મો. ૯૭૨૨૫૭૦૦૪૭

જાહેર નોટીસ આથી અમો આ જાહેર નોટીસથી જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ અમદાવાદ, રજી. સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૫ (નારોલ), તાલુકે-સીટીના મોજે ખોખરા મહેમદાવાદની સીમના ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૪ના ફાઈનલ પ્લોટ નં. ૧૧૪ના હિસ્સા નં. ૬/૧એ વાળી બિનખેતીની જમીન ઉપર શારદા ભવન એસોસીએશન (નોન-ટ્રેડીંગ કોર્પોરેશન, રજી. નં. જી/૪૮૩૮ તા. ૨૭-૩-૧૯૯૨) દ્વારા રહેણાંકના હેતુ માટે નિયત પ્લાન મુજબના બનાવવામાં આવેલ ફલેટોની સ્કીમ કે જે કૃપાલય એપાર્ટમેન્ટના નામે ઓળખાય છે જે સ્કીમમાં આવેલ ફલેટ નં. ૩૦૨, ક્ષેત્રફળ ૧૧૦, ચો.વાર બિલ્ટઅપ એરિયા વાળી મિલકત, જે હાલ (૧) રસેંદુ કિશોરકાંત શુક્લ, (૨) ભારવી રસેંદુ શુક્લનાઓએ પોતાની સ્વ-પાર્જીત કુલ સંયુકત માલિકી કબજા ભોગવટાની હોવાનું અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરી અમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જે સિવાય સદર મિલકત ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દર-દાવો, અલાખો, બોજો, લીયન, ચાર્જ વિગેરે પોષાતો હોય તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ (સાત)માં લેખિત પુરાવા સહિત અમોને રજી. સ્પીડ પોસ્ટથી લેખીત જાણ કરવી જેમાં કસુર થયેથી સદર મિલકત ઉપર અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, દર-દાવો, અલાખો, બોજો, લિયન, ચાર્જ વિગેરે પોષાતો નથી અને પોષાતો હોય તો મજકુર મિલકતના માલિકની તરફેણમાં જતા (વેવ) કરેલ છે. તેમ સમજી ટાઈટલ કલીયરન્સ પ્રમાણપત્ર આપવામાં આવશે, તેમજ અમારા અસીલ દસ્તાવેજી કાર્યવાહી પુર્ણ કરશે, ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી, તેની સ્પષ્ટ નોંધ લેવી. સ્થળ : અમદાવાદ તા. ૧૩-૭-૨૦૨૩

મારી મારફતે :
નિખીલ એસ. મર્ચન્ટ - એડવોકેટ
ઠે, ૨, શિવામ ફલેટ, દક્ષીણી સોસાયટી, મણીનગર, અમદાવાદ-૮. મો.: 8160676840

National Yuva Cooperative Society Ltd
Regd. Office : 209, 2nd Floor, Vardhman Janak Market, Janakpuri, New Delhi – 110058

Notice of the Election of District Representative for Representative General Body of National Yuva Cooperative Society Ltd.

Date: 14.07.2023

The Election of District Representatives of National Yuva Cooperative Society Ltd., for Representative General Body from all the **Districts of Gujarat in Individual and Club Category will be held on 25.07.2023 From 2PM to 4PM at F-126, A.M.T.S, Staff Quarters, S.T. Road, Baherampura, Ahmedabad, Gujarat-380022.**

All eligible voters are requested to come along with this notice for the purpose of Identification. A resolution passed by the Youth Club's /SHG's committee is essential for authorizing a person to represent the above category while casting the vote in Club Category.

Particulars of election

Sl. No.	Date	Particulars
1.	14.07.2023 to 23.07.2023, 3:00 pm	Date and time for receiving of Nominations at Election Officer's Office.
2.	24.07.2023, 11:00 am	Scrutiny of Nomination Papers
3.	24.07.2023, 3:00 pm	Publishing of Accepted Nominations
4.	25.07.2023, 11:00 am	Last date and time for Withdrawal of Nominations
5.	25.07.2023, 12:00 pm	Publishing final List of Candidates
6.	25.07.2023, 2:00 pm to 4:00 pm	Voting

The Model form of nomination and withdrawal are already published on the Notice Board of Returning Officers' Office of which the address is as follows.

Name of Returning Officer: Adv. Jigisha Pravichandra Shah

Address: F-126, A.M.T.S, Staff Quarters, S.T. Road, Baherampura, Ahmedabad, Gujarat-380022

Note for Contestants:

If the application is for Club Category, Proceeding of the Clubs meeting in which he/she was authorized as representative of that club to contest in the election.

નીડો હોમ ફાઈનાન્સ લિ.એડેલવેઈસ

Edelweiss Ideas create, values protect

(અગાઉની એડેલવેઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ)(નીડો)
રજિસ્ટર્ડ ઓફિસ આવેલી છે-દાવર ૩, વિંગ C, કોહિનૂર સીટી મોલ, કોહિનૂર, કિરોલ રોડ, કુર્લા (પ.) મુંબઈ-૪૦૦૦ ૭૦. અને
રિજનલ ઓફિસ એડ્રેસ: ૩૦૧-૩૦૪, ૩જે માળે, થર્ડ આઈ વિઝન બિલ્ડિંગ, આઇઆઇએમ પાંજરાપોળ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯

ઈ-હરાજી-સ્ટેચ્યુટરી ૧૫ દિવસીય વેચાણ નોટિસ

ધી સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ અને ધ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ અન્વયે ઈ-હરાજીથી વેચાણ અત્રે જાહેર જનતાને સામાન્ય રીતે અને દેણદાર તથા જામીનદારને વિશેષ રૂપે નોટિસ આપવાની કે નીચે વર્ણન કરેલ મિલકત જ્યાં છે, જેમ છે અને 'જે કાંઈ છે તે છે'ના આધારે નીચે આપેલ ટેબલમાં જણાવેલ બાકી લોનની વસૂલાત થાય ત્યાં સુધીની રકમ વસૂલ કરવા માટે વેચાણ કરવામાં આવશે. સદર મિલકત દેણદાર(રો), સહ દેણદાર(રો) અને જામીનદાર(રો)એ લીધેલ લોન માટે મે. નીડો હોમ ફાઈનાન્સ લિમિટેડ(અગાઉ એડેલવેઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ તરીકે જાણીતી)ને ત્યાં ગિરવે રાખેલ છે. સિક્યોર્ડ લેણદારે નીચે જણાવેલ સિક્યોર્ડ અસ્ક્યામતનો ફિઝિકલ કબજો લીધો છે.

ક્રમ	દેણદાર(રો)/સહદેણદાર (રો)/જામીનદાર(રો)નું નામ	વસૂલ કરવાની રકમ	રિઝર્વ કિંમત અને ઈએમડી (રૂ.)	હરાજીના તારીખ અને સમય	નિરીક્ષણના તારીખ અને સમય	ફિઝિકલ કબજાની તારીખ
૧	વિકી કિરીટકુમાર શાહ (દેણદાર) અને કિરીટ કાન્તિલાલ શાહ (સહ-દેણદાર)	રૂ.૨૭,૫૩,૮૯૫.૭૧/- (અંકે રૂપિયા સત્તાવીસ લાખ ત્રેપન હજાર આઠસો પંચાણું અને પૈસા ઈકોતેરપૂરા) લોન ખાતા નં.LAHMLAP 0000042835 માટે ૧૧.૦૭.૨૦૨૩ ના રોજ + એની પર આગળનું વ્યાજ + કાનૂની ખર્ચ	રૂ.૩૪,૬૭,૩૦૦/- (અંકે રૂપિયા ચોત્રીસ લાખ બાણું હજાર ત્રણસો પૂરા) અર્નેસ્ટમની ડિપોઝીટ રૂ.૩,૪૬,૨૩૦/- (અંકે રૂપિયા ત્રણ લાખ ઓગણપચાસ હજાર બસો ત્રીસ પૂરા)	૦૩-૦૮-૨૦૨૩ સવારે ૧૧.૦૦ થી બપોરે ૧૨.૦૦ વચ્ચે (૫ મિનિટના અસીમિત ઓટો એક્સ્ટેન્શન્સ સાથે)	૨૧-૦૭-૨૦૨૩ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે ૧૨.૦૦ વચ્ચે	૦૪-૦૩-૨૦૨૩

સિક્યોર્ડ અસ્ક્યામતની વિગતો: ગામ વડોદરા કસબાની સીમમાં, રજિસ્ટ્રેશન જિલ્લો અને પેટા જિલ્લો વડોદરા ખાતે આવેલ સીટી સર્વે નં. ૩૫૮૫/૧/ એ, ટી૧ નં.૨૭/૧૨, રે.સ.નં. ૪૦૨, ૪૦૫, વિભાગ બી, ધારક જમીન પર આવેલ સાઈ શુકનના સત્યમ ટાવર એના પહેલા માળે લેટ નં.૧૦૪ના તમામ હક્કહિસ્સા, જેની સીમાઓ છે: ઉત્તરે: ખુલ્લી જગ્યા, દક્ષિણે: લેટ નં.૧૦૩, પૂર્વે: લેટ નં.૧૦૧, પશ્ચિમે: ખુલ્લી જગ્યા.

૨	માયાદેવી રામપ્રસાદ કોરી (દેણદાર) અને રામપ્રસાદ ભગીરથ કોરી (સહ-દેણદાર) અને સૂરજ જાગેશ્વર કોરી (જામીનદાર)	રૂ.૨૨,૪૭,૧૯૮.૦૫/-(અંકે રૂપિયા બાવીસ લાખ સુડતાળીસ હજાર એકસો અઠ્ઠાણું અને પૈસા પાંચ પૂરા) લોન ખાતા નં. LAHMSTH 0000092385 માટે ૧૨.૦૭.૨૦૨૩ના રોજ + એની પર આગળનું વ્યાજ + કાનૂની ખર્ચ	રૂ.૧૬,૨૩,૬૦૦/- (અંકે રૂપિયા સોળ લાખ ત્રેવીસ હજાર છસો પૂરા) અર્નેસ્ટ મની ડિપોઝીટ રૂ.૧,૬૨,૩૬૦/- (અંકે રૂપિયા એક લાખ બાસઠ હજાર ત્રણસો સાઈઠ પૂરા)	૦૮-૦૮-૨૦૨૩ સવારે ૧૧.૦૦ થી બપોરે૧૨.૦૦ વચ્ચે (૫ મિનિટના અસીમિત ઓટો એક્સ્ટેન્શન્સ સાથે)	૨૧-૦૭-૨૦૨૩ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૩.૦૦ વચ્ચ	૧૯-૦૨-૨૦૨૩

સિક્યોર્ડ અસ્ક્યામતની વિગતો : "સ્વામીનારાયણ પાર્ક" નરોડા નામે જાણીતી સ્કિમમાં બ્લોક નં. ૪૧ માં સેક્ટર C ના ૪થે માળે આવેલ લેટ નં. ૪૦૩ ધારક મિલકતના તમામ હક્કહિસ્સા. લેટની માપણી ૯૧.૯૫ ચો.મી. સુપર બિલ્ટઅપ એરિયા છે. સદર સ્કિમ સર્વે નં. ૬૧૦, ૩-૩૫-૩૫ હેક્ટ ચો.મી. એટલે કે ૩૩૫૩૫ ચો.મી.અને રેવન્યુ સર્વે નં. ૬૩૨, ૪-૩૪-૦૩ હેક્ટ ચો.મી. એટલે કે ૪૩૪૦૩ ચો.મી. એટલે કે કુલ ૮૦૯૩૮ ચો.મી. માપણી ધરાવે છે જે એક બિનખેતી પ્લોટ છે જે ટીપી સ્કિમ ૧૨૧ હેઠળ આવે છે અને ફાઈનલ પ્લોટ નં. (૨૨+૪૪)+૧ તે ૧૯૧૯૪ ચો.મી. અને ફાઈનલ પ્લોટ નં. (૨૨+૪૪)૨ તે ૪૯૧૭૭ ચો.મી. અને સબપ્લોટ નં. (૨૨+૪૪)૨ તે ૪૯૧૭૭ ચો.મી. છે. સદર મિલકતની સીમાઓ: ઉત્તરે: સોસાયટીનો ઈન્ટર્નલ રોડ, દક્ષિણે: સેક્ટર C, બ્લોક નં. ૪૧, લેટ નં. ૪૦૪, પૂર્વે: સોસાયટીનો ઈન્ટર્નલ રોડ, પશ્ચિમ: સેક્ટર C, બ્લોક નં. ૪૧, લેટ નં. ૪૦૨.

૩	મોહંમદઇકબાલ પી. શેખ (દેણદાર), ઈરફાન પ્યારમોહંમદ શેખ(સહ-દેણદાર) તથા સાબેરાબાનુ શેખ (સહ-દેણદાર),	રૂ.૧૯,૩૦,૨૭૦.૧૧/-(અંકે રૂપિયા ઓગણીસ લાખ ત્રીસ હજાર બસો સિત્તેર અને પૈસા અગિયાર પૂરા) લોન ખાતા નં. LVDRSTH0000028007 માટે ૧૨.૦૭.૨૦૨૩ના રોજ + એની પર આગળનું વ્યાજ + કાનૂની ખર્ચ	રૂ. ૧૬,૯૮,૩૦૦/- (અંકે રૂપિયા સોળ લાખ અઠ્ઠાણું હજાર ત્રણસો પૂરા) અર્નેસ્ટ મની ડિપોઝીટ રૂ.૧,૬૯,૮૩૦/- (અંકે રૂપિયા એક લાખ ઓગણસિત્તેર હજાર આઠસો ત્રીસ પૂરા)	૧૦-૦૮-૨૦૨૩ સવારે ૧૧.૦૦ થી બપોરે ૧૨.૦૦ વચ્ચે (૫ મિનિટના અસીમિત ઓટો એક્સ્ટેન્શન્સ સાથે)	૨૧-૦૭-૨૦૨૩ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૩.૦૦ વચ્ચે	૨૧-૦૨-૨૦૨૩

સિક્યોર્ડ અસ્ક્યામતની વિગતો : રજિસ્ટ્રેશન પેટા જિલ્લો ડભોઈ અને જિલ્લો વડોદરા ખાતે મોજે પલાસવાડ, વડોદરા ખાતે આવેલ મીમ સીટી બ્લોક નં. ૧૦૬ તરીકે જાણીતા બિનખેતી પ્લોટ જમીન જૂનો રે.સ. નં. ૪૫,૪૮, ૭૦૫ ધારક પૈકી બ્લોક નં. ૪૬, માપણી ૨૭૨૩૨ ચો.મી ના તમામ હક્કહિસ્સા. વેચાણખત મુજબ સીમાઓ: ઉત્તરે: પ્લોટ નં.બી/૧૦૫ થી, દક્ષિણે: ૭.૫૦ મી. રોડથી, પૂર્વે: ખુલ્લી જમીનથી, પશ્ચિમ: પ્લોટ નં.બી/૧૦૭થી.

૪	સુરેશ સોમાભાઈ વાઘેલા (દેણદાર) અને સંજયભાઈ એસ. વાઘેલા (સહ-દેણદાર) ૯ બોરસિર ચોકડી ખાડાના ઝૂંપડા આણંદ, આણંદ ૩૮૦૦૦૧	રૂ. ૧૧,૭૮,૫૦૯.૦૦/-(અંકે રૂપિયા અગિયાર લાખ અઠ્યોતેર હજાર પાંચસો નવ અને પૈસા નવું પૂરા) લોન ખાતા નં. LVDRSTH 0000029786 માટે ૧૨.૦૭.૨૦૨૩ના રોજ + એની પર આગળનું વ્યાજ + કાનૂની ખર્ચ	રૂ.૯,૮૬,૦૦૦/- (અંકે રૂપિયા નવ લાખ છ્યાસી હજાર પૂરા) અર્નેસ્ટ મની ડિપોઝીટ રૂ.૯૮,૬૦૦/- (અંકે રૂપિયા અઠ્ઠાણું હજાર છસો પૂરા)	૧૦-૦૮-૨૦૨૩ સવારે ૧૧.૦૦ થી બપોરે ૧૨.૦૦ વચ્ચે (૫ મિનિટના અસીમિત ઓટો એક્સ્ટેન્શન્સ સાથે)	૨૧-૦૭-૨૦૨૩ના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૩.૦૦ વચ્ચે	૦૫-૦૩-૨૦૨૩

સિક્યોર્ડ અસ્ક્યામતની વિગતો : રજિસ્ટ્રેશન અને પેટા જિલ્લો આણંદ, જિલ્લો આણંદ ખાતે બિનખેત જમીનનો પ્લોટ જે રેવન્યુ સર્વે નં. . ૧૩૨૭/એ પૈકી 'કૃષ્ણા કોમ્પ્લેક્સ' નામે જાણીતામાં લેટ નં.૩૭ બિલ્ટ અપ એરિયા માપણી ૫૩.૮૮ ચો.મી., જમીનમાં અવિભાજિત હિસ્સો માપણી ૩૫.૭૧.૮૦ ચો.મી. આ મિલકતના તમામ હક્કહિસ્સા. વેચાણખત મુજબ સીમાઓ છે: ઉત્તરે: ઈન્ટરલ રોડ, દક્ષિણે: લેટ નં.૩૬, પૂર્વે લેટ નં.૩૮, પશ્ચિમે: ઈન્ટર્નલ રોડ.

નોંધઃ- ૧) હરાજી વેચાણ વેબસાઈટ https://sarfaesi.auctiontiger.net મારફતે ઓનલાઈન થશે અને જે બીડરો પાસે માન્ય ઈમેઈલ, આઈડી પ્રુફ અને ફોટો પ્રુફ પાન કાર્ડ હશે અને ડિમાન્ડ ડ્રાફ/નેટ/આરટીજીએસ દ્વારા યોગ્ય રીતે ઈએમડીનું ચૂકવણું કર્યુ હશે તે જ આ 'ઓનલાઈન ઈ-હરાજી'માં ભાગ લઈ શકશે.
૨) ઈચ્છુક બીડરોએ તેમના ઈએમડી ડિમાન્ડ ડ્રાફ/નેટ/આરટીજીએસ દ્વારા લાભાર્થીનું નામઃ એડેલવેઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડને જમા કરાવવાના રહેશે. બેંકઃ સ્ટેટ બેંક ઓફ ઈંડિયા, ખાતા નં.૬૫૨૨૬૮૪૫૧૯૯, સરફૈસી-હરાજી, એડેલવેઈસ હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ આઈએફએસસી કોડ: SBIN0001593.
૩) ઈએમડી સાથે ઓનલાઈન અરજી બીડ ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ સ્લોટ નં.૧ માટે ૦૨-૦૮-૨૦૨૩, સ્લોટ નં. ૨ માટે ૦૭-૦૮-૨૦૨૩, સ્લોટ નં.૪ માટે અને સ્લોટ નં.૫ માટે ૦૯-૦૮-૨૦૨૩ છે.
૪) વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે ઈએઆરસીની વેબસાઈટ એટલે https://sarfaesi.auctiontiger.net
જુઓ અથવા શ્રી મોલિક